# સંશોધન નિયામકશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ-૩૮૮૧૧૦

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ સંશોધન કેન્દ્રોના વડાશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીના ધ્યાને આવ્યાનુસાર જે તે પાકના અખતરા, બીજ ઉત્પાદન અને જનરલ પાકની પાક યોજનાઓ મોટાભાગના કેન્દ્રો દ્વારા જે તે પાકની સીઝન પૂર્ણ થવાના આરે હોઇ ત્યારે અથવા સીઝન પૂર્ણ થયે અત્રેની કચેરીએ મંજુરી અર્થે મોકલવામાં આવે છે. આ ઉપરાંત, પાક યોજનાના પત્રક- અ અને પત્રક- બ માં પણ ભૂલો જોવા મળેલ છે. જેથી હવે પછી પાક યોજના મંજુરી અર્થે મોકલતા પહેલાં નીચે મુજબની સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

૧. જે પાકના અખતરા/બીજ ઉત્પાદન/જનરલ પાકની પાક યોજના સીઝન ચાલુ થતાં પહેલાં મંજુરી અર્થે રજુ કરવી.

૨. અખતરાની પાક યોજના પત્રક-અ (ટેક નં.૩૩) અને પત્રક-બ (ટેક નં.૩૪) તેમજ બીજ ઉત્પાદન/જનરલ પાકની પાક યોજના પત્રક-અ (ટેક નં.૩૫) અને પત્રક-બ (ટેક નં.૩૬) ના ફોર્મેટ મુજબ જ મોકલવી. સદર ફોર્મેટમાં પોતાની રીતે સુધારા કરવા નહી.

૩. પાક યોજનાના પત્રક-અ માં બીજ/ખાતર/દવાઓ વગેરે હેકટર દીઠ ભલામણ મુજબ દર્શાવવા અને પત્રક-બ માં વિસ્તારને અનુરૂપ યોગ્ય રીતે ગણતરી કરી જરૂરીયાત હોય તેટલો જ જથ્થો દર્શાવવો.

૪. ઘણા કેન્દ્રો દ્વારા પાક યોજનાના પત્રક-અ માં દવાઓના નામ અને હેકટર દીઠ ભલામણ દર્શાવવામાં આવતી નથી તો તે દર્શાવવી તેમજ જે દવાઓ પ્રતિબંધિત હોય તે ન દર્શાવવી.

૫. પાક યોજનાના પત્રક-બ માં ખાતરનો જથ્થો તત્વના સ્વરૂપમાં ન દર્શાવતા ખાતરના સ્વરૂપમાં વિસ્તારને અનુરૂપ ગણતરી કરી દર્શાવવો.

જા.નં. આ.કૃ.યુ./સં.નિ./ટી.૧/ ૨૦૬૨૪ /૨૦૨૧
તા.૩૦/૧૨/૨૦૨૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના, પ્રતિ,</u>

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.

(૨) આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ સંશોધન કેન્દ્રોના યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.